**ક્રિમી. કેસ નં. 844/2019**

**<u>આંક–૧ (ચાર્જશીટ) નીચે હુકમ.</u>**

આજરોજ આ અદાલતમાં સ્પેશીયલ સીટીંગ રાખવામાં આવેલ છે. આ કામે રેકર્ડ વંચાણે લેતા આરોપીઢને અનેક વખત સમંસ/વોરંટ કાઢવામાં આવેલ છે. છતાં પોલીસ દવારા સદર સમંસ/વોરંટ બજે–વગર બજે રજુ કરેલ નથી. આ કામના જા મીનદાર અને આરોપીને વારંવાર પ્રોસેસ કાઢી પોલીસ એજન્સી મારફત બજવણી અર્થે મોકલવા છતાં સદર પ્રોસેસની બજવણી કરાવી આરોપીને હાજર રખાવી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. જેના કારણે સદર કેસ સહેજ પણ આગળ ચલાવી શકાયેલ નથી અને લાંબા સમયથી નિકાલ બાકી રહેલ છે. તેમજ હવે ફરીયાદપક્ષને આરોપીને સમન્સ બજવણી માટે વધુ તક આપવી એ માત્ર નિરર્થક કસરત બની રહે તેમ છે. આ કામે હાલના કેસમાં પોલીસ ફરીયાદપક્ષે આરોપીને હાજર રાખવામાં અનેક તક આપવા છતાં નિષ્ફળ ગયેલ છે. આ કામે હાલનો કેસ તે સમન્સ ટ્રાયેબલ પોલીસ કેસ છે. સ્પીડી ટ્રાયલનો સિધ્ધાંત જોતા તથા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ વંચાણે લેતા તથા આ કામના આરોપીની હાજરીની શકયતા ધ્યાને લેતા આ કામે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપી સામેની આ કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮, મુજબ પડતી મુકી આ કામના આરોપીને આ કામે બિન તહોમત મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભવિષ્યમાં આ કામના આરોપીને ફરીયાદપક્ષ રજુ કરે કે આરોપી સામેથી હાજર થાય તો હાલની કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૦(૫) મુજબ નવેસરથી શરૂ કરવાની પરવાનગી આપેલ છે તેમ ગણાશે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ બિનકીમતી મુદામાલનો અપીલ સમય વિત્યે વિધીવત નાશ કરવો/રોકડ મુદામાલ સરકાર જમા કરાવવો/જુગારના સાહિત્યનો નાશ કરવો./મુદામાલ વાહનનો વચગાળાનો હુકમ કાયમ કર્યો/માલિકીની ખરાઈ કરી નોંધાયેલ માલીકને પરત કરવો.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી સહી કરી, જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : પારડી

**( પી.ડી.મોકરીયા)**
બીજા એડી. સીવીલ જજ અને
જે. એમ. એફ. સી. પારડી
કોડ નં. GJ01743